# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY
(Established Under Gujarat Act No.: 20 of 2007)
# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
(ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


**Ref. : GTU/Esta/Circular/2015/971** **Date : 29/01/2015**

**વંચાણે લીધાં :** (૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્યનો પત્ર ક્રમાંક : મકમ/ક/ડો.કો./૨૦૧૫/૫૯૭-૧૦૬૬ તા. ૧૭/૦૧/૨૦૧૫

(૨) ટેકનીકલ શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યનો પત્ર ક્રમાંક : ડીટીઇ/ગાંધી નિર્વાણદિન/ચિત્ર સ્પર્ધા/ક(૪)/૨૦૧૫/૧૬૨૦ તા. ૧૭/૧/૨૦૧૫

## પરિપત્ર :

**વિષય :** તા. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર ચિત્ર સ્પર્ધા રાખવા બાબત.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય પર રાજ્યની ઉચ્ચ શિક્ષણની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર તમામ કોલેજો તથા રાજ્યની યુનિવર્સિટીઓમાં ચિત્ર સ્પર્ધા રાખવાનું આયોજન કર્યું છે. આ સ્પર્ધામાં મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટેની જરૂરી વ્યવસ્થા કોલેજ કક્ષાએ આચાર્યશ્રીએ કરવાની રહેશે.

વિદ્યાર્થીઓમાં સફાઈ અંગેનો ખ્યાલ વિકસે અને વિદ્યાર્થીઓ જીવનમાં સફાઈ-સ્વચ્છતાનું મૂલ્ય સમજે તેમજ જીવનમાં આ અંગેનું નિરૂપણ થાય તે અંગે આ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગેના ખ્યાલોને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓ ચિત્રો દોરે તેવી અપેક્ષા છે, જેથી વિદ્યાર્થીઓમાં અને સમાજમાં સફાઈ અંગે જાગૃતતા આવે અને દેશનો ભવિષ્યનો સમાજ સ્વચ્છતા પરત્વે વધુ સંવેદનશીલ રહે.

સદર સ્પર્ધા અંગેની સૂચનાઓ અને reportkcg30@gmail.com ઉપર મોકલવાના થતાં યોગ્ય ડોક્યુમેન્ટેશન માટેના નિયત નમૂના આ સાથે સામેલ છે. ચિત્ર સ્પર્ધા માટે નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

☞ તા. ૩૦/૦૧/૨૦૧૫ ના રોજ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- ૧૦:૩૦ થી ૧૧:૦૦ - એસેમ્બલી તથા આચાર્યશ્રી/સંસ્થાના વડાનું "મહાત્મા ગાંધી અને સફાઈ" અંગેનું ઉદ્દબોધન
- ૧૧:૦૦ થી ૧૧:૦૨ - શહીદ દિન નિમિત્તે બે મીનીટનું મૌન
- ૧૧:૦૫ થી ૧૧:૧૦ - સફાઈ અંગેના શપથ
- ૧૧:૧૦ થી ૧૧:૧૫ - ચિત્ર સ્પર્ધા માટેની જરૂરી સુચનાઓ
- ૧૧:૧૫ થી ૧૨:૧૫ - ચિત્ર સ્પર્ધા

☞ સંલગ્ન તમામ કોલેજોમાં સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે, જેમાં તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોએ ભાગ લેવાનો રહેશે.

**S/d**
**ઈ/ચા રજીસ્ટ્રાર**

**બિડાણ :** ઉપર દર્શાવ્યા મુજબ

પ્રતિ,
(૧) તમામ સંલગ્ન કોલેજોના આચાર્ય/ડાયરેક્ટરશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) પી.એ./પી.એસ. ટુ વાઈસ ચાન્સેલર
(૩) પી.એ. ટુ રજીસ્ટ્રાર
(૪) ફાઈલ કૉપી - મહેકમ શાખા




**Chandkheda** : Nr. Campus of Vishwakarma Government Engineering College, Sabarmati-Koba Highway, Nr. Visat Three Roads, Chandkheda, Ahmedabad - 382 424, Gujarat, India. Ph. : 079 - 232 67 500
**Ahmedabad** : 2nd Floor, ACPC Building, L.D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad, (Gujarat) India - 380 015. Phone : + 91 - 79 - 26 300 499 / 599 Fax : +91 - 79 - 26 30 1500
**Gandhinagar** : K-6 Circle, E-4, Electronic Estate, G.I.D.C., Nr. Government Polytechnic, Sector-26, Gandhinagar - 382 028, Gujarat.
**e-mail : info@gtu.ac.in URL : www.gtu.ac.in**

- તા: 30/૦૧/૨૦૧૫ ના રોજ નિયમિત શૈક્ષણિક કાર્યની સાથે સવારના ૧૦:30 થી ૧૨:૧૫ કલાક દરમ્યાન આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
- તમામ કોલેજો તથા યુનિવર્સિટીના વિભાગોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન આચાર્યશ્રીની/ રજિસ્ટ્રારશ્રીની સીધી દેખરેખ હેઠળ થાય તે જરૂરી છે.
- આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને તેની વિગતો આ સાથે સામેલ નિયત નમુનામાં તા: ૨૯/૦૧/૨૦૧૫ સુધીમાં કે.સી.જી.ના ઈ-મેઈલ આઈ.ડી. reportkcg30@gmail.com ખાતે મોકલી આપવાની રહેશે.
- તમામ કોલેજ તથા યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં આ કાર્યક્રમ માટે આયોજન અને મુલ્યાંકન સમિતિ(ઓછામાં ઓછા ત્રણ સભ્ય)ની રચના કરવાની રહેશે અને તેની જાણ તા: ૨૩/૦૧/૨૦૧૫ સુધીમાં કે.સી.જી. ના ઈ-મેઈલ આઈ.ડી. reportkcg30@gmail.com ખાતે મોકલી આપવાની રહેશે.
- આ ચિત્ર સ્પર્ધા માટે "મહાત્મા ગાંધી અને સફાઇ" વિષયને લગતા ચિત્રો દોરવાના રહેશે. આ માટે ૨૨" X ૧૫"ની સાઇઝનો કાર્ટેજ ડ્રોઇંગ પેપર( ૨૧૦ GSM) કૉલેજ તથા યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને આપવાનો રહેશે તથા આ ચિત્ર સ્પર્ધા માટે વિદ્યાર્થી પોતાને યોગ્ય લાગે તે કલર સામગ્રી (જેવી કે વિવિધ પ્રકારના રંગો, પીંછી, પેન્સીલ, રબર, સંચો, ફૂટપટ્ટી, વગેરે) જાતે લાવવાની રહેશે. કૉલેજ તથા યુનિવર્સિટી આ પ્રકારની જનરલ સામગ્રી ૫ (પાંચ) સેટમાં વિદ્યાર્થીના સામૂહીક વપરાશ માટે ખરીદીને રાખવાની રહેશે જેનો વિદ્યાર્થીઓ આ ચિત્ર સ્પર્ધા માટે વપરાશ કરી શકશે.
- વિદ્યાર્થીએ પોતાના ડ્રોઇંગ પેપરના જમણા ખૂણામાં ઉપરની તરફ પોતાનું નામ, કૉલેજનું નામ અને રોલ નંબર અચુક દર્શાવવાનો રહેશે. તથા ચિત્રમાં "" મહાત્મા ગાંધી અને સફાઇ " વિષયને અનુરૂપ એક સ્લોગન લખવું જરૂરી છે.
- તમામ કોલેજ તથા યુનિવર્સિટીના ભવન કક્ષાએ નિયુક્ત મુલ્યાંકન સમિતિ સ્પર્ધામાં રજૂ થયેલ કૃતિઓનું મુલ્યાંકન  કરશે તથા તે જ દિવસે પ્રથમ, દ્વિતિય અને તૃતીય એમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને પસંદ કરીને પોતની સંલગ્ન યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારશ્રીને સીલબંધ કવરમાં તે જ દિવસે પહોંચાડવાની રહેશે. કવરની ઉપર "મહાત્મા ગાંધી અને સફાઇ" ચિત્ર સ્પર્ધા એમ અવશ્ય લખવું. આ કૃતિઓ સંલગ્ન સ્પર્ધામાં અંતિમ નિર્ણય બાદ, કોલેજ તથા યુનિવર્સિટી પોતાની અનુકુળતાએ આ તમામ કૃતિઓનું પ્રદર્શન આયોજિત કરી શકશે. તથા આ તમામ કૃતિઓને ઓછામાં ઓછા ૬ માસ સુધી યોગ્ય રીતે જાળવણી કરવાની રહેશે.
- યુનિવર્સિટી કક્ષાએ આ કાર્યક્રમ માટે આયોજન અને મુલ્યાંકન સમિતિ(ઓછામાં ઓછા ત્રણ સભ્ય)ની રચના કરવી યુનિવર્સિટી કક્ષાની મુલ્યાંકન સમિતિમાં ત્રણ સભ્યો પૈકી એક સભ્ય ફાઇન આર્ટ્સ ફેકલ્ટીનો હોય તે અનિવાર્ય છે. આ મુલ્યાંકન સમિતિ કોલેજ કક્ષાએથી પસંદ થયેલ કૃતિઓનું મૂલ્યાંકન કરીને યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતીય શ્રેષ્ઠ કૃતિઓ તા ૦૬/૦૨/૨૦૧૫ સુધીમાં પસંદ કરશે.

- યુનિવર્સિટી કક્ષાએ પસંદ થયેલ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને યુનિવર્સિટી કે.સી.જી. કચેરીને સીલબંધ કવરમાં ૦૭/૦૨/૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે; આ કૃતિઓમાંથી રાજ્ય કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓની પસંદગી કરવામાં આવશે.
- સમગ્ર કાર્યક્રમનું કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ યોગ્ય ડૉક્યુમેન્ટેશન કરવાનું રહેશે. જે અંગેનો નમુનો આ સાથે સામેલ છે. આ કાર્યક્રમના આયોજનથી લઇને સમાપન સુધીની તમામ વિગતો reportkcg30@gmail.com ઉપર મોકલવાની રહેશે. તાં. ૩૦/૦૧/૨૦૧૫નાં રોજ ચિત્ર સ્પર્ધાનો અહેવાલ શામેલ નમુના અનુસાર સાજે ૧૬:૦૦ કલાક સુધીમાં reportkcg30@gmail.com પર અચૂક મોકલવાનો રહેશે.
- સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન અને અમલીકરણ થાય તે માટે કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ અને નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ દ્વારા દરેક જિલ્લામાં એક નોડલ ઓફીસરની નિયુક્તી કરવામાં આવેલ છે. જે અંગેનો પરીપત્ર આ સાથે સામેલ છે. કૉલેજો અને યુનિવર્સિટીઓએ આ નોડલ ઓફીસર સાથે સંકલન કરીને આયોજન, અમલીકરણ અને રીપોર્ટીંગ કરવાનું રહેશે. આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેતા તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કોલેજે તથા યુનિવર્સિટીએ કરવાની રહેશે.

સંયુક્ત નિયામક શિક્ષણ (મહેકમ)
ગુ. રા., ગાંધીનગર

પ્રતિ, નકલ રવાના જાણ સારૂં

૧) પી.એ. ટુ અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ

૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત

૩) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ ડાયરેક્ટરશ્રીની કચેરી

૪) પી.એ. ટુ કુલપતિશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય

Please fill all the data in MS-Excel and in English CAPITAL Letters

| | |
|---|---|
| College Name: | |
| College Address: | |
| Principal Name: | |
| Principal's Contact Number: | |
| Name of Affiliating University: | |
| College Type: | Government / Grant-in-Aid/ Self –financed |
| District | |

## List of Participants

| Sr No | Name of Participant | Male/Female | Stream | Year/ Semester | Roll No |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Principal's Stamp and Signature

રીપોર્ટનો નમુનો

| | |
|---|---|
| College Name: | |
| College Address: | |
| Principal Name: | |
| Principal's Contact Number: | |
| Name of Affiliating University: | |
| College Type: | Government / Grant-in-Aid/ Self Financed |
| District | |
| Total Number of Participants | |
| Total No. of Males | |
| Total No. of Females | |
| Name and Class details of the Winner Rank one | |
| Name and Class details of the Winner Rank Second | |
| Name and the Class details of the Winner Rank Third | |

ચિત્ર સ્પર્ધાના ફોટોગ્રાફ